dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
July-August 2013 For private circulation only Vol. 05 - Issue 110-11

કુછ ઓર ભી સાંસે લેને કો મજબૂર સા મૈં હો જાતા હૂં,
જબ ઈતને ઘને જંગલ મેં ઈન્સાન કી ખુશ્બુ આતી હૈ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

આ મનપાંચમના મેળામાં અસંખ્ય માણસો પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રૂપે પરિચયમાં આવે છે. માણસ એટલે માણસ. એનું એક જ રૂપ હોય, હોવું જોઈએ. પણ આપણને તે જુદે જુદે રૂપે જોવા મળે છે. અનેક વાર એવું સાંભળવા મળે છે કે 'આ મોટો માણસ' અથવા પેલો 'નાનો માણસ'. ક્યારેક તો આપણે ય આવું બોલતા હોઈએ છીએ. માણસને 'મોટો' કે 'નાનો' કહેવાની આપણી માપપટ્ટી કઈ ? કેવી છે ? આવાં લૅબલ તો આપણે લગાવ્યાં છે. પરંતુ ક્યારેક આપણને એવો અનુભવ થાય છે જ્યારે આપેલાં લૅબલ ખોટા સાબિત થાય. મારા-તમારા જીવનમાં કંઈ કેટલીય વાર બન્યું હશે આવું. જેને આપણે 'મોટો માણસ' માની લીધો હોય એ 'ખોટો માણસ' સાબિત થાય. તો સામે છેડે જેને આપણે 'નાનો માણસ' ધારી લીધો હોય એ એની સજ્જનતા, સંસ્કારીતા, સારપ, વ્યવહાર અને માણસાઈને લીધે 'મોટો માણસ' સાબિત થઈ આપણાં મન-હૃદયમાં હંમેશ માટે જડાઈ જાય. આવું તો બનવાનું-ક્યારેક દિવસ બિહામણો લાગે તો ક્યારેક રાત રળિયામણી લાગે !

યાદ રહે કે વ્યકિતત્વ અને ચરિત્ર ભિન્ન છે. વ્યકિતત્વ બહાર છે જ્યારે ચરિત્ર અંદર-ભીતર છે. પ્રસિદ્ધ સાહિત્યકાર લાભશંકર ઠાકરે એક વાર મને કહ્યું હતું : 'માણસ નાનો કે મોટો પૈસાથી કે હોદ્દાથી નથી થતો પરંતુ એના મનથી થાય છે' તે આ ક્ષણે યાદ આવે છે. મને અંગત રીતે ઘણીવાર એવું લાગે છે કે, સમાજ-સૃષ્ટિ મોટા માણસોના ઉપદેશથી નથી ચાલતી પણ નાના માણસોના કર્મ અને તેના આચરણથી ચાલે છે. આપણી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર ઉમાશંકર જોશીએ 'વસંતવર્ષા' નામના કાવ્યસંગ્રહમાં લખ્યું છે :

"મોટાઓની અલ્પતા જોઈ થાકયો,
નાનાની મોટાઈ જોઈ જીવું છું."

માણસ તરીકે જન્મવુ઼ં એક વાત છે અને માણસ તરીકે જીવવું ઑર વાત છે. આજની સ્થિતિ તો એવી છે કે , સો ટચનો માણસ મળે તો ચમત્કાર થયો હોય એવું લાગે ! માણસાઈનો દુકાળ પ્રવર્તે છે એવા કપરા સમયમાં પણ સદ્દભાગ્યે ચમત્કારો થતા રહે છે ને જીવવાનાં કારણો મળતા રહે છે. હજી પુણ્ય પરવાર્યું નથી એવો અહેસાસ હૃદયને તર-બ-તર કરી દે છે.

બનેલો એક પ્રસંગ : મારી ગાડીના અકસ્માત કેસની સુનાવણી માટે હું કાલુપુર રેલ્વે કોર્ટ-અમદાવાદ ગયો હતો. એ ત્રાસદાયક સ્થિતિમાંથી છૂટકારાના હાશકારા સાથે ગાંધીરોડ ત્રણ દરવાજા પાસેથી ચાલતો જતો હતો. રસ્તામાં ડાબી તરફ ફુટપાથ પર હાથરૂમાલ ખરીદવા માટે ગયો. ટેબલ પર હાથરૂમાલ વેચનાર પાસેથી મેં તે ખરીદ કર્યા. પૈસા આપી ઊતાવળે ચાલતી પકડી લાલદરવાજા તરફ. દોઢ-બે મિનિટ પછી મારા ખભે કોઈનો હાથ મૂકાયો. કોઈ ઓળખીતું જણ હશે એમ માની થોભ્યો. જોયું તો જેની પાસેથી હાથરૂમાલની ખરીદી કરી હતી તે માણસ.

મને કહે : 'રૂમાલ હમણાં તમે જ લીધા ને ? મેં હા ભણી.

એ કહે : 'તમારા પૈસા પડી ગયા છે ? મેં જોયું તો પાંચસોની નોટ ન મળે. મેં તેને જણાવ્યું કે પાંચસોની નોટ નથી. એણે તરત પાંચસોની નોટ મારા હાથમાં મૂકી અને સલાહ આપી. 'પૈસાનું ધ્યાન રાખો જરા' ને એ ચાલવા લાગ્યો.

મેં એને રોકયો. ખીસ્સામાંથી વીસ રૂપિયાની નોટ કાઢી તેને આપવા લાગ્યો પણ એણે ન લીધી. મેં કહ્યું - 'દોસ્ત, તારી ઈમાનદારીનું આ ઈનામ છે.'

એણે જે જવાબ આપ્યો એ સાંભળી હું સ્તબ્ધ થઈ ગયો. એ કહે 'ઈમાનદારીનું તે કંઈ ઈનામ હોતું હશે ?!

એનો આ જવાબ આજે ય મારા ચિત્તમાં પડઘાયા કરે છે.

વાત આમ તો આટલે અટકવી જોઈએ. પણ એમ થયું નહીં. કોઈ પણ રીતે હું તેનો આભાર માનવા રીતસર ફાંફે ચડયો હતો. એ એની સજ્જનતા બતાવે તો મારે કંઈક તો એવું કરવું જોઈએ જેથી એની કદર થાય અને એનાથી વધારે તો મને આત્મસંતોષ મળે. એવા કહેવાતા મોટા માણસો ય મેં જોયા છે જે કોઈનો પડી ગયેલો પાંચ રૂપિયાનો સિકકો પગ નીચે દબાવી થોડી વારે કોઈ જોતું નથી એની ખાતરી કરી ઉપાડી ખીસ્સામાં સેરવી દે ! એક રૂપિયા માટે રીક્ષાવાળા સાથે જીભાજોડી કરતા કે પચાસ પૈસા માટે બકાલી સાથે ઝઘડતા 'મોટા માણસો' પણ આપણે કયાં નથી જોયા ?!

મેં એને કહ્યું : દોસ્ત ! ચા પીજે. રાખી લે આ વીસ રૂપિયાની નોટ.

એણે હસતા હસતાં કહ્યું : 'ચા આપણે સાથે પીએ'. મને હાશ થઈ. થયું ચાલો, 'એને ચા પીવડાવી આત્મસંતોષ કેશ કરી લેવાશે.

જિંદગીમાં પહેલીવાર ભર બપોરે ત્રણ દરવાજાની ફૂટપાથ પર રૂમાલવાળા સાથે ચા પીધી. થ્રી સ્ટાર હૉટલમાં ય ચા પીધી છે પણ એવો સ્વાદ નથી આવ્યો જેવો આ રૂમાલવાળા સાથે ફૂટપાથ પર ચા પીધાનો સ્વાદ માણ્યો છે.

ચાની ચૂસ્કી લેતાં લેતાં મેં એનું નામ પૂછયું. વાણિયાનો દીકરો નીકળ્યો ! જુમ્મા મસ્જીદ, પાનકોર નાકાની ફૂટપાથ પર બેસે છે. નામ એનું શૈલેષભાઈ છોટાલાલ શાહ. મારા આશ્ચર્યનો પાર ન્હોતો !

ચા પીધા પછી ચાવાળા છોકરાને દસ રૂપિયાની નોટ આપવા મેં ઊતાવળ કરી.

- મને રોકયો. મારો હાથ પકડી લીધો. ચાવાળા છોકરાને પૈસા ન લેવા લાલ આંખ કરી ને એણે ખીસ્સામાંથી દસની નોટ આપી દીધી. મેં એને આમ કરવાનું કારણ પૂછયું. મને કહે : તમે મારા મહેમાન કહેવાઓ. તમારાથી ચાના પૈસા ન અપાય.

આ માણસ સામે હું હારી ગયો.

મેં રીતસર એને વંદન કર્યાં.

એ આખો દિવસ આ પ્રસંગે મારા મન-હૃદય પર કબજો કરી લીધો. દિવસમાં બસો-ત્રણસોનો વકરો ન કરનાર માણસ પાંચસો રૂપિયાની નોટ પાછી આપે ?! સલામ આ માણસને. આ અને આવા નાના માણસોની મોટાઈ જીવનનું કેટલું મોટું આશ્વાસ છે !

શિક્ષણના માધ્યમ દ્વારા આપણે માણસમાં માણસાઈ ઉગાડવાનું કામ કરવાનું છે. અતૂટ શ્રદ્ધા સાથે વર્ગખંડમાં આપણે એવા ચાસ પાડીએ અને એવા વિચારોનું વાવેતર કરીએ કે જેથી માણસાઈ ઉગવાનું સરળ બને !

તા. ૩૦ ઓગષ્ટ, ૨૦૧૩

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિશ્રી

# યુનિવર્સિટી ન્યૂઝ

## જોબ સેન્ટર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં જોબ સેન્ટરના નિર્માણ માટે શહેરના જાણીતા સત્યનારાયણ રાઠી પરિવાર તરફથી ૭૫ લાખ રૂપિયાનું માતબર દાન મળ્યું છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે દક્ષિણ ગુજરાતના વધુને વધુ વિદ્યાર્થીઓને રોજગારી પ્રાપ્ત થાય તે હેતુથી જોબ સેન્ટર ઉભું કરવાનું આયોજન યુનિવર્સિટી કરી રહી છે.

જે અંતર્ગત સબ સેન્ટરના ભવન માટે કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરના પ્રયત્નોથી સુરત શહેરના શ્રીચાદેવી ભગીરથ રાઠી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યુનિવર્સિટીને રૂા. ૭૫ લાખનું માતબર દાન આપવાની જાહેરાત ટ્રસ્ટના ટ્રસ્ટી સત્યનારાયણ ભગીરથ રાઠી દ્વારા કરવામાં આવી છે. કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરના જણાવ્યા મુજબ આ સેન્ટર રોજગાર આપનાર વિવિધ કંપનીઓ, સંસ્થાઓ તેમજ રોજગારી મેળવવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ વચ્ચે સેતુરૂપ કાર્ય કરશે. આ સેન્ટર ખાતે વિદ્યાર્થીઓને રોજગારલક્ષી માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમજ સાથે વિદ્યાર્થીઓને બાયોડેટા બનાવવાની, ઈન્ટરવ્યુ આપવાની તાલીમ પણ આપવામાં આવશે.

રોજગારલક્ષી માહિતી માટે દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સની પણ મદદ લેવામાં આવશે. સિન્ડીકેટ સભ્યશ્રીઓના સાથ સહકારથી સદર ભવનનું બાંધકામ ટૂંક સમયમાં પૂર્ણ કરી કેન્દ્રની શરૂઆત કરવાની આશા વ્યકત કરી હતી.

## નર્મદ ઘર

આઝાદીના સમયકાળમાં શૌર્ય કવિતાઓથી લડવૈયાઓનો જુસ્સો વધારનાર સુરતના વીર કવિ નર્મદશંકર દવેના ગોપીપુરા વિસ્તારમાં આવેલા ઘર જેવું આબેહુબ મકાન તેમજ તેમાં તેમના જીવન આધારીત ચીજ વસ્તુઓના સંગ્રહ સ્થાન બનાવવાનું આયોજન યુનિવર્સિટી સત્તાધિશો દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર દ્વારા હાથ ધરવામાં આવેલા એક નવતર આયોજનમાં કેમ્પસમાં નર્મદના ગોપીપુરા સ્થિત ઘર જેવુ આબેહુબ મકાન ઉભુ કરવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓ તેમજ મુલાકાતે આવનાર લોકાને કવિ નર્મદની જીવનશૈલીથી પરિચિત થઈ શકે તેવી તમામ માહિતી ઉપલબ્ધ કરવામાં આવશે. તેમના નર્મદ ગદ્ય, નર્મ કવિતા, નર્મ કથાકોશ અને મારી હકીકત જેવા તેમના લખવામાં આવેલા અને અન્ય લેખકો દ્વારા તેમના જીવન પર લખાયેલા પુસ્તકોની લાયબ્રેરી ઊભી કરવામાં આવશે. આ અંગે કુલપતિ દક્ષેશ ઠાકરના જણાવ્યા મુજબ આશરે દોઢ કરોડ રૂપિયાના ખર્ચે આ ભવન સાકાર કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓ તેમજ મુલાકાતીઓ માટે કવિ નર્મદનો પરીચય આપવા માટે આદર્શ બની જશે.

## સમિતિ

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમીશન ન્યુ દિલ્હી દ્વારા કોલેજમાં વ્યાખ્યાતા થવા માટે અથવા સંશોધન પ્રવૃત્તિ માટે લેવાતી નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (NET) ફોર્મેટીંગ, પરીક્ષા પધ્ધતિ અને તેની આનુસાંગિક બાબતે અંગે "રીજીયોનલ કન્સલ્ટેશન ફોર વેસ્ટ ઝોન" સમિતિની બેઠક પુના (મહારાષ્ટ્ર) ખાતે યોજાઈ હતી. જેમાં ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રોફેસર અને વડાશ્રી ડૉ. કે.સી. પોરીયાએ ભાગ લઈ સૂચનો કર્યા હતાં.

## રાષ્ટ્રીય પર્વ



કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે, કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા, વિભાગીય અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી પરિવાર અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે ધ્વજવંદન કરીને પ્રસંગોચિત ઉદ્દ્બોધન કર્યું હતું.

## NET



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એમ.એસસી. (આઈ.ટી.) પ્રોગ્રામનાં આસી. પ્રોફે. શ્રીમતી પાયલ જોષીએ યુ.જી.સી. દ્વારા ડિસેમ્બર ૨૦૧૨માં કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એપ્લીકેશન વિષયમાં લેવાયેલ NET પરીક્ષા પાસ કરેલ છે.

## ૧૮૦મી નર્મદ જન્મ જયંતી


















જેના નામથી યુનિવર્સિટીનું નામાભિધાન થયું છે. એવા અર્વાચિનોમાં આદ્ય તથા અર્વાચીન ગુજરાતી સાહિત્યના યુગધર-યુગમૂર્તિ સર્જક એવા 'નર્મદ'ની જન્મ જયંતી હોય, એટલે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આંગણે મોટા અવસર જેવું વાતાવરણ થાય એ સ્વાભાવિક છે. તે નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તથા ગુજરાતી વિભાગના સંયુકત ઉપક્રમે નર્મદ જયંતી સમારંભનું આયોજન કરવામાં આવ્યું.

દર વર્ષે 'નર્મદ જયંતી' પ્રસંગે યુનિવર્સિટીમાં વ્યાખ્યાન સમારંભનું આયોજન કરવામાં આવે છે. જેમાં છેલ્લા કેટલાક વર્ષોમાં રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત ટોપીવાળા, વિદ્યુત જોશી, રમેશ શુકલ, શિરીષ પંચાલ, ચિનુ મોદી જેવા ખ્યાતનામ વકતાઓના વ્યાખ્યાનો યોજાઈ ગયા છે. આ વર્ષે "૧૮૦મી નર્મદ જયંતી" નિમિત્તે જાણીતા નાટયકાર, નાટયદિગ્દર્શક તથા વિવેચક એવા મિતભાષી અને શાલીન વ્યકિતત્વના સ્વામી ડૉ. સતીશ વ્યાસના "નર્મદ : ગુર્જર અસ્મિતાનો ઉદ્‌ગાતા" વિષય ઉપર વ્યાખ્યાન સમારંભ યોજાયો.

કાર્યક્રમની રૂપરેખા મુજબ ૨૪ ઓગષ્ટના શનિવારના રોજ બપોર ૧૨.૦૦ કલાકે નર્મદ પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી, જેમા સુરત મહાનગર પાલિકાના મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા, વકતાશ્રી ડૉ. સતીશ વ્યાસ તથા યુનિવર્સિટીના જુદાં જુદાં વિભાગોના અધ્યક્ષશ્રીઓ તથા આમંત્રિતો જોડાયા હતા. ત્યાર બાદ ૧૨.૩૦ કલાકે કમ્પ્યુટર સાયન્સ ભવનના સભાગૃહમાં વ્યાખ્યાન સમારંભ માટે સૌ ઉપસ્થિત રહ્યા હતા. પોતાની વ્યસ્તતામાંથી સમય કાઢી ટૂંક સમય માટે આવેલા સુરત મહાનગર પાલિકાના મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાએ સૌ આમંત્રિતો અને સભાની વચ્ચે યુનિવર્સિટીમાં 'નર્મદ ભવન'ના નિર્માણ માટે રૂપિયા એક કરોડના અનુદાનની જાહેરાત કરી સમગ્ર સભાને અચંબિત કરી દીધી હતી. 'નર્મદ જયંતી'ના આ પ્રસંગે 'નર્મદ ભવન'ના નિર્માણ માટે માતબર અનુદાન કરતા મેયરશ્રીએ જણાવ્યું હતું. કે નર્મદના વ્યકિતત્વની ઝાંખી થાય, તેના પુસ્તકો જળવાઈ રહે, તથા નર્મદની દરેક ચીજ વસ્તુઓનો સંગ્રહ થાય, તથા અહીં સચવાઈ રહે એ માટે સુરતમાં આંબલિયા પોળમાં નર્મદનું જેવું મકાન છે, એવાજ રૂપ-રંગમાં 'નર્મદ ભવન' યુનિવર્સિટીમાં બનાવવામાં આવે કોઈ પુછે કે 'નર્મદ કોણ છે ?' તો

તેના વિશે વાત માડવી ન પડે, તેને પ્રત્યક્ષ બતાવી શકાય. ડૉ. દક્ષેશ ઠાકરે મેયરશ્રીની આ ઘોષણાને વધાવતા કહયું હતું કે - સમગ્ર ગુજરાતમાં આવી ઘટના પ્રથમવાર બનતી હશે. જયાં કોઈ કોર્પોરેટરે યુનિવર્સિટીને આટલું માતબર દાન આપ્યું હોય ! અને આ ઘટના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. 'યુનિવર્સિટી આપનું ઋણ સતત યાદ રાખશે' એમ કહી મેયરશ્રીનો આભાર પ્રદર્શિત કર્યો હતો.

મેયરશ્રીને વિદાય આપ્યા બાદ ભારતીય પરંપરા મુજબ પ્રાર્થના દ્વારા કાર્યક્રમનો પ્રારંભ થયો જેમા ગુજરાતી વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા 'હે શારદે મા' પ્રાર્થના રજૂ કરવામાં આવી. ત્યારબાદ દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત થઈ. જેમને સાંભળવા માટે આટલી મોટી સંખ્યામાં જુદી જુદી વિદ્યાશાખાઓમાંથી શ્રોતાઓ ઉપસ્થિત હતા, એવા સૌમ્યશાલીન વ્યકિતત્વના સ્વામી તથા અજાતશત્રુ એવા ડૉ. સતીશ વ્યાસનું વ્યાખ્યાન શરૂ થયું. તેમણે વાત કરતા જણાવ્યું કે ગુજરાતના અને દેશના ઈતિહાસમાં નર્મદ અને ગાંધીજી આ બન્ને વ્યકિતઓના સ્થાનાંન્તરણનો ખુબ મોટો ફાળો છે. નર્મદ કલમને ખોળે જીવવાનું કબુલી મુંબઈથી પરત ન આવ્યા હોત તથા ગાંધીજી ગુજરાતથી દ.આફ્રિકા ન ગયા હોત તો ગુજરાતનો-દેશનો ઈતિહાસ આજે છે, એવો ન હોત. તેમણે પોતાના વ્યાખ્યાનમાં નર્મ મર્મ વાણી પ્રયોજી શ્રોતાગણમાં નર્મદને નવાં જ પરિપ્રેક્ષામાં ઉપસ્થિત કરી આપ્યો હતો. નર્મદના જીવનના કેટલાક પ્રસંગો ટાંકી કહયું હતું કે નર્મદ જ એક એવો સર્જક છે કે જેના નામની આગળ 'વીર' વિશેષણ લાગે છે. આ વાતને તેના જીવનના કેટલાક વીરતા પૂર્ણ પ્રસંગો અને સમાજસુધારક પરાક્રમોના દ્રષ્ટાંતો દ્વારા રજુ કરી હતી. ડૉ. સતીશ વ્યાસે સમગ્ર વ્યાખ્યાન દરમિયાન નર્મદના વ્યકિતત્વની ઋજુતા, વીરતા, એક પાકકા સુરતી હોવાની છાપ, એક સમાજ સુધારક તથા ઊદ્યમી પુરુષ તરીકેની પ્રતિભા તેના જીવનના પ્રસંગો દ્વારા તથા તેન કવિતાની કાવ્ય પંકિતઓ ટાંકી, વાતને રસપ્રદ બનાવી હતી.

વ્યાખ્યાન બાદ પ્રતિભાવ આપવા માટે આવેલ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે નર્મદ મય બનાવી દીધેલ વાતાવરણમાં વધુ કંઈ ન કહેતા ડૉ. સતીશ વ્યાસનો આભારમાની વિરમ્યું હતું. કાર્યક્રમનુ આભારવિધિ કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાએ કરી હતી તથા કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. જગદીશ ગૂર્જરે કર્યું હતું. અંતે રાષ્ટ્રગીતના ગાન બાદ કાર્યક્રમને પૂર્ણ થયેલ જાહેર કરાયો.

# કોલેજ ન્યૂઝ

## વૃક્ષારોપણ

શ્રી વી.એચ. પટેલ કોલેજ ઓફ બી.એડ્ (મહિલાઓ) ધરમપુરમાં તા. ૨૯-૬-૧૩ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. વલસાડ-ડાંગના સાંસદશ્રી કિશનભાઈ પટેલ, ધરમપુર મત વિસ્તારના ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી રમેશભાઈ પાડવી કોલેજના મંત્રીશ્રી રમેશભાઈ પટેલ ધરમપુર વનવિભાગના ફોરેસ્ટરશ્રી દિનેશભાઈ પટેલના સહયોગથી કરંજવેરી માન નદીના કિનારે અધ્યાપિકા શ્રીમતિ સારિકાબેન તથા મેઘનાબેનના આયોજન હેઠળ તાલીમાર્થી બહેનોના હસ્તે આશરે ૨૦૦ જેટલા જુદા જુદા વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું. તથા સાંસદશ્રી કિશનભાઈ, ઈ.આ. શ્રી બિપીનભાઈ તથા વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ વિષે વિચારો રજૂ કર્યા હતા.

શ્રી એસ. આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૧૩-૭-૧૩ના રોજ સંસ્થાના મેનેજીંગ ડાયરેકટર શ્રી મહેશભાઈ પટેલ, આચાર્ય ડૉ. અરવિંદભાઈ ટાંક તથા સ્ટાફમિત્રો અને તાલીમાર્થીઓએ વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષો રોપ્યાં હતા.

## સેમિનાર

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી(ગ્રાન્ટેડ), સુરતમાં સુરતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, જય છૈરાનો સેમિનાર "Career in Chartered Accountancy & Commerce"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૫૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શ્રી જય છૈરાએ વિદ્યાર્થીઓને ચાર્ટર્ડ એકાઉન્ટન્સી, આઈ.આઈ.એન. અને એમ.બી.એ. જેવા ઉચ્ચ કક્ષાના કોર્ષ માટે પોતાની કેરિયર કઈ રીતે બનાવવી એ માટે વિદ્યાર્થી તરીકે પોતાના ગુણોનો કઈ રીતે વિકાસ કરવો એવી અનેક બાબત પર પ્રકાશ પાડયો હતો. શ્રી ભરતભાઈ શાહે વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ લેવા માટે સામાજિક વિકાસની પરિભાષા સમજાવી હતી. પ્રિન્સીપાલ ડૉ. કે.એન. ચાવડાએ મહેમાનોનું શબ્દો અને ફુલોથી સ્વાગત કર્યું હતું. પ્રા. ડૉ. ગિરીશ રાણાએ સેમિનારનું મહત્વ અને કાર્યક્રમની ભૂમિકા સમજાવી હતી. કુ. ભૂમિ શાહ અને શ્રી આકાશ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા વિદ્યાર્થી ટર્મિનલ તરીકે અંકિત ઈટાલીયા અને સાગર ગારિયાધરે પરિશ્રમ ઉઠાવ્યો હતો. ખાસ કરીને શ્રી જય છૈરાએ દર વર્ષે અમરોલી કોલેજમાંથી ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને 'નો પ્રોફિટ નો લોસ' ફ્રી સ્પોન્સર કરવા માટે ખાત્રી આપી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ૬૦ વિદ્યાર્થીઓ માટે એક દિવસીય પર્સનાલીટી ડેવલોપમેન્ટ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાર્ટીશીપન્ટોને રોટેરીયન શ્રી અક્ષયભાઈ વકીલ દ્વારા સારી પર્સનાલીટીના લક્ષણો વિષે જીવનમાં ત્વરીત અને યોગ્ય નિર્ણયશકિત તથા સમયસર નકકી કરેલ ધ્યેયના મહત્વ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ આ મુદ્દાઓ ઉપર વિષય તજજ્ઞ સાથે ચર્ચા કરી હતી.

## તાલીમ

ગુજરાત સરકારના સૌજન્યથી, રોજગાર વિનિમય કચેરી, વલસાડ દ્વારા આયોજિત સ્વામી વિવેકાનંદ પૂર્વ સંરક્ષણ તાલીમ વર્ગ - ૧૩ શ્રી નુતન કેળવણી મંડળ સંચાલિત પી.જી. ભવન ખાતે લેફ. કમલેશ પારેખના નેતૃત્વમાં તા. ૨૭-૫-૧૩ થી ૨૫-૬-૧૩ દરમ્યાન ૩૦ લાભાર્થીઓ અને ચાર પ્રશિક્ષકો થકી સંપન્ન થયો હતો. જેમાં શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના આઠ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તાલીમ વર્ગમાં તાલીમાર્થીઓ સંરક્ષણક્ષેત્ર અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે શારીરિક સૌષ્ઠવ, ગણિત, અંગ્રેજી અને સામાન્ય જ્ઞાનની એક માસીય તાલીમ લઈ ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહિત રૂા. ૩,૦૦૦/- ના સ્ટાઈપન્ડ માટે હકદાર થયા હતા. સઘન તાલીમના પરિપાક રૂપ સ્પર્ધાત્મક પરિક્ષામાં કોલેજના વિદ્યાર્થી પ્રણવ પટેલે ૮૬% સાથે દ્વિતીય ક્રમ મેળવી કોલેજનું નામ રોશન કર્યું હતું. વિદ્યાર્થીઓને આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે પ્રોત્સાહન પુરૂં પાડયું હતું.

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૩-૭-૧૩ના રોજના સ્પર્ધાત્મક પરીક્ષા માટે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હિરેનભાઈ કાકડીયા, પીએસઆઈ શ્રી નરેશ વાવડીયાએ યુપીએસસી/જીપીએસસી વિશે સમજ આપીને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી હતી.

## આરોગ્ય

સી.એન. કોઠારી હોમિયોપેથીક કોલેજ અને કાળીદાસ હોસ્પિટલ દ્વારા હોમિયોથીક સારવાર પ્રજાના દ્વારે કાર્યક્રમ ચીખલવાવ ખાતે તા. ૨૫-૭-૧૩ના રોજ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં હોમિયોપેથીક ડૉ. સ્વપનીલ પરદેશી તથા ઈન્ટર્ન એ ગામના ૧૬ કુટુંબોની રૂબરૂ મુલાકાત લઈ તેમની આરોગ્ય, સામાજીક, માનસીક, આર્થિક રહેણી કરણી વગેરેની મોજણી કરી હતી. અને આ કુટુંબોમાંના ૧૬ ગરીબ અને જરૂરીયાતમંદ દર્દીઓને સ્થળ ઉપર જ તપાસીને મફત હોમિયોથીક દવા આપી હતી.

સી.એન. કોઠારી હોમિયોથીક મેડીકલ કોલેજ, છોટાલાલ વીરચંદ સોલંકી પેરીફરલ ઓ.પી.ડી. અને કાળીદાસ હોસ્પિટલ વ્યારા દ્વારા કપુરા ખાતે વિના મૂલ્યે હોમિયોપેથીક નિદાન અને સારવાર શિબિર તા. ૩૦-૭-૧૩ના રોજ યોજવામાં આવ્યો જેમાં મદાવ, માલોઠા, ઘાટ, અંબાચ, ખાનપુર, રૂપવાડા, કપુરાના ૨૦૯ ગરીબ અને જરૂરીયાતમંદ દર્દીઓને નિષ્ણાત હોમિયોપેથીક ડૉકટરો દ્વારા તપાસી હોમિયોપેથીક દવા આપી હતી. આ કેમ્પનું ઉદ્દ્ઘાટન શ્રી જીગરભાઈ ભકતામાં સર્વેશ્વરી પરિવાર અને યુવક મંડળ કપુરા, ડૉ. પી.આર. પટેલ અને ડૉ. જે.જે.જૈને કર્યું હતું. આ બંને ડૉકટરો ઉપરાંત ડૉ. અશોક ગુંદીગરા, ડૉ. પીયુષ ગુજરાથીએ સેવા બજાવી હતી. ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓ અને ઈન્ટર્નીં વગેરેએ ખુબ સારી સેવા બજાવી હતી. અને સંયોજક તરીકે શ્રી શૈલેષભાઈ દેસાઈએ ફરજ બજાવી હતી. આ બધા દર્દીઓને દર મંગળવારે સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ દરમ્યાન આગળની દવા વિના મૂલ્યે લેવા આવવા સમજાવ્યું હતું અને ફોલોઓપનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર કાર્યક્રમ આચાર્યા ડૉ. જયોતિ રાવ અને ડૉ. શિવાની પરીખના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો.

સી.એન. કોઠારી હોમિયોપેથીક કોલેજ અને કાળીદાસ હોસ્પિટલ દ્વારા હોમિયોપેથીક સારવાર પ્રજાના દ્વારે કાર્યક્રમ રામપુરા નજીક ખાતે તા. ૨૨-૭, ૨૩-૭-૧૩ અને તા. ૩૦-૭-૧૩ના રોજ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં હોમિયોપેથીક ડૉ. મહાવીર ધીયા, ઈન્ટર્નઓએ ગામના ૫૪ કુટુંબોની રૂબરૂ મુલાકાત લઈ તેમની આરોગ્ય, સામાજીક, માનસીક, આર્થિક રહેણી કરણી વગેરેની મોજણી કરી હતી. અને આ કુટુંબોમાંના ૫૪ ગરીબ અને જરૂરીયાતમંદ દર્દીઓને સ્થળ ઉપર જ તપાસીને મફત હોમિયોપેથીક સારવાર પ્રજાના દ્વારે કાર્યક્રમ સતત ચાલું રાખવામાં આવનાર છે. આચાર્યા ડૉ. જયોતિ રાવ અને ડૉ. શિવાની પરીખ તથા શ્રી શૈલેશભાઈ દેસાઈના સંયુકત માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો.

## પ્રવેશોત્સવ

વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજ, સુરતમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ દિપ પ્રાગટ્ય કાર્યક્રમ દ્વારા થયો હતો. કાર્યક્રમના અતિથિ વિશેષ પદે કોલેજની વહીવટી સમિતિના અધ્યક્ષશ્રી કેતન દલાલ અને સભ્યશ્રી જયોતીન્દ્ર લેખડિયા ઉપસ્થિત રહયા હતાં. બંને મહાનુભાવોએ તાલીમાર્થીઓને સફળ શિક્ષક બનવા માટેની શુભેચ્છા પાઠવી હતી. પ્રિ. ડૉ. વિનોદ પટેલે મહેમાનોને આવકાર્યા હતા.

શ્રી ઈ. ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડીમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ સામાજીક કાર્યકર જીતુભાઈના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. ડૉ. મીનાક્ષીબેને સૌપ્રથમ પ્રવેશ પત્ર આપી વિદ્યાર્થીઓને આવકારીને શુભેચ્છાઓ પાઠવી સમયસર અભ્યાસમાં મગ્ન બની જવાની વાત સમજાવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ૫૪ વિદ્યાર્થીઓને આજે પ્રવેશ અપાયો હતો. નવા આગંતુક વિદ્યાર્થીઓથી ગ્રામ વિદ્યાપીઠ પ્રાંગણ મહેકી ઉઠયું હતું. પ્રોગ્રામનું સંચાલન એનએસએસ વિભાગે કર્યું હતું.

એમિટી બી.એડ્. કોલેજ, ભરૂચમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ના તાલીમાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાઈ ગયો. જેમાં નર્મદા કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટીઝના ડાઈરેકટર ડૉ. તૃપ્તિબહેન અલમૌલાના મુખ્ય મહેમાન પદે તેમણે "શિક્ષકની સમાજ પ્રત્યે જવાબદારી" અંગે તાલીમાર્થીઓને સંબોધન કર્યું હતું. સંસ્થાના ટ્રસ્ટીશ્રીએ વર્તમાન સમયને ઓળખી કોમ્પ્યુટર અને અંગ્રેજીના શિક્ષણને પ્રાધાન્ય અપાવવા જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને લોક મિલાપ ટ્રસ્ટ મહેન્દ્ર મેઘાણી સંપાદિત પુસ્તક "ગાંધીજીની જીવન યાત્રા એમના શબ્દોમાં" આપી આવકાર્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. ભાવના પુવારે, સ્વાગત પ્રા. કલ્પેશ પટેલ અને આભારવિધિ પ્રા. વાસંતી પરમારે કરી હતી.



બિલીમોરાની એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે શ્રી અશ્વિનભાઈ પટેલ (આચાર્યશ્રી, દેસાઈ કે. કે. હાઈસ્કુલ, ધમડાછા અને પ્રમુખશ્રી, રોટરી કલબ, ગણદેવી)ના મુખ્ય મહેમાન પદે પ્રવેશોત્સવ યોજાઈ ગયો. ઈન્ચાર્જ પ્રિન્સીપાલ પ્રા. સુધાબેન ડી. રાવલે મુખ્ય મહેમાનશ્રી પટેલ તથા નિવૃત્ત પ્રાધ્યાપકશ્રી જે.જી. ભાવસારનું પુષ્પગુચ્છથી અને શબ્દપુષ્પોથી સ્વાગત કર્યું હતું. મુખ્ય મહેમાનશ્રી પટેલે પોતાનાં પ્રાસંગિક પ્રવચનમાં વિદ્યાર્થીઓને પ્રચંડ ઉર્જાના સ્ત્રોત ગણાવ્યા હતા. તેમને અભ્યાસમાં નિપુણતા મેળવી, જીવનના માર્ગમાં આવતા અવરોધોરૂપી પથ્થરોનો પગથિયાં તરીકે ઉપયોગ કરી પ્રગતિ કરવાનો તેમજ શકિતનું ઉર્ધ્વીકરણ કરવાનો અનુરોધ કર્યો હતો. ઈન્ચાર્જ પ્રિ. પ્રા. રાવલે કોલેજની ગતવર્ષની સહભ્યાસ પ્રવૃત્તિઓનું દ્રશ્ય-શ્રાવ્ય વિહંગાવલોકન કરાવ્યું હતું. મુખ્ય મહેમાન શ્રી પટેલના વરદ હસ્તે નિવૃત્ત પ્રાધ્યાપક શ્રી જે.જી. ભાવસારનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવું હતું. પ્રા. વાય.જે. દેસાઈએ આભારદર્શન અને કાર્યક્રમનું સંચાલન પ્રા. જયકુમાર એ. વશીએ કર્યું હતું.

## એન.એસ.એસ.

તા. ૨૨-૭-૧૩ ના રોજ આર્ટ્સ એન્ડ કામર્સ કોલેજ, મોટાપોંઢામાં રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત 'માર્ગદર્શક શિબિર' આચાર્યશ્રીના પ્રમુખસ્થાને યોજાઈ. બી.એ. બી.કોમ. સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓ માટે આ વર્કશોપનું આયોજન થયું હતું. ઈન. આચાર્યશ્રી પ્રા.આર. એલ. પટેલે એમના પ્રવચનમાં એન.એસ.એસ.ની પ્રાથમિક માહિતી પૂરી પાડી હતી. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. આશા કે. ગોહિલે એન.એસ.એસ. દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ તથા આ વર્ષ દરમ્યાન થનાર પ્રવૃત્તિઓની ઝલક પ્રસ્તુત કરી હતી.

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, બી.એ., બી.કોમ., એમ.એ., એમ.કોમ. બી.બી.એ., બી.એ., બી.કોમ., બી.સી.એ, સ્વનિર્ભર અમરોલીનો એન.એસ.એસ. વિભાગ, સુરત રકતદાન કેન્દ્ર, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ અને ઈન્ડિયન મેડીકલ એસોસીએશન, ફેમિલિ ફિઝિશ્યન એસોસીએશન, સુરત. અમરોલી મેડિકલ સર્કલ, અમરોલીના સહયોગથી પ્રિ. ડૉ. કે.એન. ચાવડાના નેતૃત્વ હેઠળ શનિવાર તા. ૧૩-૭-૧૩ના રોજ અમરોલી કોલેજ ખાતે

પ્રથમ રકતદાન શિબિરનું આયોજન થયું હતું. આચાર્યશ્રી ડૉ. કે.એન. ચાવડા, લાયન્સ નોર્થના સેક્રેટરી લાયન યોગેશ દેસાઈ, પ્રથમ વાઈસ પ્રેસીડન્ટ લાયન હેમંત પાનવાલા, બોર્ડ ડાયરેક્ટર લાયન રમેશભાઈ લાઈન્સવાળા, હાજરી આપી લાયન્સ નોર્થ તરફથી રકતદાતા વિદ્યાર્થીઓને સ્મૃતિરૂપે ભેટ આપવામાં આવી. આ પ્રસંગે ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી મહેન્દ્રકુમાર સોલંકી મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. એન.બી. બારિયા, પ્રા. જે.ડી. વાછાણી, પ્રા. જે.બી. ચૌધરી અને પ્રા. બી.એ. ઠાકોરે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ શિબિરમાં ૩૯ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રકતદાન કર્યું હતું, સુરત રકતદાન કેન્દ્રના મેડીકલ ઓફિસર ડૉ. પંચાલ અને તેમની ટીમે પ્રસંશનીય કામગીરી બજાવી હતી. રકતદાતાઓને સુરત સાંઈ સેવા સમિતિ, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ અને ફેમિલી ફિઝિશ્યન એસોસીએશન, સુરત તરફથી સમૃતિભેટ આપવામાં આવી હતી.

ભારત સરકારના મિનીસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસ પ્રેરિત અને બેંગ્લોર યુનિવર્સિટી આયોજિત એન.એસ.એસ. મેગા કેમ્પ-૨૦૧૩ બેંગ્લોર મુકામે સંપન્ન થયો હતો. આ કેમ્પ માટે ગુજરાતના કુલ ૧૪, દાદરાનગર હવેલીનાં ૦૪, અને દમણ દીવનાં ૦૪ મળી કુલ ૨૨ વિદ્યાર્થીઓએ પ્રતિનિધિત્વ કર્યું હતું. વિદ્યાર્થીઓ ગુજરાતનું ઉત્તમ પ્રતિનિધિત્વ કરી શકે તે માટે પ્રિ. ડૉ. જે.એમ. નાયકના વડપણમાં અને ગુજરાતની ટીમનાં મેનેજર પ્રા. કે.સી. પટેલની દોરવણી હેઠળ વલસાડ તથા અમરોલી મુકામે બે ટ્રેઈનીંગ સેશન યોજવામાં આવ્યા હતા. જેને પ્રા. ડી.ડી. પટેલે તથા કુ. સુનિતા રાજેશે માર્ગદર્શન આપ્યું હતું. કોમર્સ કોલેજ, વલસાડનાં શ્રી વિતાન વોરા અને કુ. જયોતિ ગંગવારે આ શિબિર દરમિયાન સાંસ્કૃતિક તથા અનેક વિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ સક્રિય ભૂમિકા ભજવી હતી. ગુજરાતની ટીમના મેનેજર તરીકે શાહ એન.એચ. કોમર્સ કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. કે.સી. પટેલે સેવા આપી હતી.

વલસાડ વિભાગમાં થયેલ વ્યાપક વરસાદને કારણે અનેક વિસ્તારોમાં ઘરવખરી તથા જનજીવનને નુકશાન થયેલ છે. આપત્તિના આ સમયે વલસાડ કોમર્સ કોલેજનાં પૂર્વ અધ્યાપક શ્રી ડી. આર. પરીખે રૂા. ૫૦૧/- નો તથા કોમર્સ કોલેજ પરિવાર દ્વારા રૂા. ૭૮૬૦/-નો ફાળો એકત્ર કરી અસરગ્રસ્ત વિદ્યાર્થીઓના પરિવારને સાધન સામગ્રીની કીટ આપીને મદદરૂપ થયા હતા. આમ કોલેજ પરિવારના કેટલાક કુટુંબો પર આવી પડેલ આપત્તિ સમયે એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ પ્રિ. ડૉ. જે.એમ. નાયકની પ્રેરણ અને માર્ગદર્શન તથા પ્રા. ટી.જી. પટેલ અને પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. આર.આર. પટેલ, પ્રા. વી.આર. ચાંપાનેરી તથા પ્રા. કે.સી. પટેલની દોરવણી હેઠળ ઉદાહરણીય કાર્ય કર્યું હતું.




શ્રી ઈ.ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ-કહાનવાડીમાં વિશ્વ વસ્તી એક સમસ્યાના પખવાડીયા પર્વની ઉજવણી રૂપે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ભેટાસીના તથા રાષ્ટ્રીય સેવા યોજનાના સૌજન્યથી "વસ્તી વધારો એક સમસ્યા" પર વકતૃત્વ સ્પર્ધા રાખી હતી. જેમાં પ્રથમ નંબરે કૃણાલકુમારને રોકડ સ્વરૂપે ૧૫૧ બીજા ક્રમે હીમાન્સુભાઈને ૧૦૧ રૂા. રોકડ ઈનામનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડૉ. આચાર્યાના રાહબર હેઠળ અને ડૉ. પરમારના માર્ગદર્શનથી વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું.

## ઉજવણી

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓએ વેદવ્યાસ પરિચય, ગુરૂપૂર્ણિમાનું મહત્વ, પ્રાચીન-અર્વાચીન ગુરૂશિષ્ય પરંપરા સંબંધી ખૂબ સુંદર વિચારો તથા ભાવસભર વ્યકિતગત તથા સમૂહગીતો તથા ગુરૂમહત્વ આધારિત નાટક રજુ કર્યું હતું. પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયક અને પ્રા. ડૉ. મનસુખભાઈ પટેલે ગુરૂપૂર્ણિમા શા માટે ? ગુરૂપૂર્ણિમાનું મહત્વ, ગુરૂનું મહત્વ, ગુરૂના પ્રકારો અને શ્રેષ્ઠ ગુરૂ વિશે મૌલિક વિચારો રજૂ કરી તાલીમાર્થીઓને પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી કુ. બુલબુલ તથા કુ. બેલાએ કર્યું હતું. પ્રા. ડૉ. વિનયભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સમાપન પ્રા. સ્નેહાબેન ટેલરે આભારવિધિ કરી હતી.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી પ્રસંગે સંસ્થાના પ્રેરણામૂર્તિ પરમ પુજય સ્વામીશ્રી નારાયણસ્વરૂપ દાસજી સ્વામી, મેનેજીંગ ટ્રસ્ટી સ્વામીશ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી, તથા ટ્રસ્ટીશ્રી શાસ્ત્રી સ્વામી જયસ્વરૂપ દાસજીએ સૌ તાલીમાર્થીઓને આશિર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતે ગુરૂપુજન વિધિ કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના આદ્યસ્થાપક પ્રેરણામૂર્તિ ગુરૂવર્ય ગુરૂજીનું પુજન અંકલેશ્વરના ધારાસભ્ય શ્રી ઈશ્વરભાઈ પટેલ અને કિશોરભાઈ પાનસુરીયાએ ગુરૂજીનું ફુલહારથી સ્વાગત કર્યું હતું. શ્રી સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, શાસ્ત્રી સ્વામી જયસ્વરૂપ દાસજી, બી.એડ્. કોલેજના ઈ.આચાર્ય શ્રી ડૉ. કૃણાલભાઈ પંચાલે પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે યોજાયેલ ભજન સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ જીજ્ઞાશાબેન, દ્વિતીય ક્રમે ડાભી જૈનિશાબેન અને તૃતીય ક્રમે પટેલ જયમીનભાઈ અને સોલંકી મનીષાબેન રહયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રિ. ડૉ. કૃણાલભાઈ પંચાલ અને પ્રા. માહયાવંશી બ્રિન્દાબેને કર્યું હતું. આભારવિધિ પ્રા. ગણેશભાઈ પટેલે કરી હતી.

એસ.એસ. અગ્રવાલ કોલેજ, નવસારીમાં યોજાયેલ ઉજવણી પ્રસંગે વિદ્યાર્થીઓએ આચાર્યા તથા અધ્યાપકગણોનું પુષ્પગુચ્છ અને તિલક કરી અભિવાદન કરવામાં આવ્યું, વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂપૂર્ણિમાનું મહત્વ દર્શાવતા વકતવ્યો રજૂ કરવામાં આવ્યા.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓ દ્વારા આચાર્યા તથા અધ્યાપકોનું કુમકુમ તિલક તથા પુસ્તકપુષ્પથી સ્વાગત કરી આર્શીવાદો મેળવ્યા હતા. ગુરૂ વિશે રસપ્રદ વકતવ્યો તથા ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. તથા આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા "વિચારોની વેબસાઈટ - ટેઈક ઓફ" પુસ્તક અને ૧૦ પુસ્તકો તરતા મૂકવામાં આવ્યા હતા. ગ્રંથપાલશ્રી અશોકભાઈ રાઠોડે તરતા પુસ્તકો પ્રકલ્પ વિશે માહિતી આપીને જીવનમાં વાંચનનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની રાઠોડ સીમાબેને તથા આભારવિધિ પ્રજાપતિ દિપીકાબેને કરી હતી.

રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીએ તા. ૧૭-૭-૧૩ના રોજ ૨૫માં વર્ષમાં પ્રવેશ કર્યો - એ રજત જયંતી ઉજવણીની શુભ શરૂઆત વલસાડ સ્થિત શાંતિનિકેતન સાથે જોડાયેલા મુનિશ્રી જિનચંદ્રજી મહારાજના પ્રવચનથી થઈ હતી. આચાર્યા ડૉ. હેમાલીબેન

દેસાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને માતા-પિતાને આદર આપવાની શીખ આપી, સંસ્કાર ઘડતરની વાત કરી હતી. મનુષ્યે પોતાના દોષો દૂર કરી, સાચ અર્થમાં મનુષ્ય બનીએ, એ અંગે પ્રેરણાસ્વરૂપ કાવ્ય પંકિતઓ જીવન જીવવાના સાચા અર્થમાં સમજાવી વાતારવરણે મહેંકાવી દીધું હતું. મુનિશ્રીનો પરિચય પ્રા. મનહરભાઈ માછીએ, કાર્યક્રમનું સંચાલન ડૉ. એ.સી. પટેલે અને આભાર વિધિ પ્રા. એચ.એમ. ટંડેલે કરી હતી.

નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી પ્રસંગે પ્રિ. ડૉ. અશ્વિનભાઈ પટેલે ગુરૂની મહત્તા સમજાવતાં વિદ્યાર્થીઓને નૈતિક મૂલ્યો પર ભાર મૂકવા જણાવ્યું હતું. વિદ્યાર્થીશ્રી પૂર્વાંગે પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું. એમ.એસસી.ના વિદ્યાર્થીઓએ ગુરૂદક્ષિણા સ્વરૂપે એપ્લીકેશન આધારિત પીરીયોડીક ટેબલની ભેટ આપી હતી. ઉજવણીનું સંચાલન શ્રી નિકુંજ મુછાળા અને પ્રિતેશ પટેલે જયારે આભારવિધિ કુ. મલેક સાજીદાએ કરી હતી.



## સ્પર્ધા

શાહ એન.એચ. કોમર્સ, વલસાડમાં તા. ૨૪-૭-૧૩ના રોજ આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ગીતસંગીત, નૃત્યધારા હેઠળ વર્ષાગીત તેમજ ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વર્ષાગીતમાં પ્રથમ ક્રમે કુ. સોનલી પ્રજાપતિ, દ્વિતીય ક્રમે શ્રી પીંકલ માંહયાવંશી, ભજન સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. ફાલ્ગુની પટેલ, દ્વિતીય ક્રમે ખલીફા ઝુલ્ખમ તથા તૃતીય ક્રમે કુ. કરિશ્મા દત્તા, વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયકો તરીકે શ્રીમતી દીપાબેન સ્વાદીયા તથા શ્રીમતી સ્વાતીબેન ઉપાધ્યાયે સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. દક્ષાબેન ઠાકોરે કર્યું હતું.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં તા. ૨૬-૭-૧૩ના રોજ ઈન્ટર કોલેજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ કોલેજની ૩૦૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો આ સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર કે.પી. કોલેજ ઓફ કોમર્સના પ્રા. શ્રીમતી એસ.પી. દેસાઈ તથા ડી.આર.બી. ભરથાણા કોમર્સ કોલેજના પ્રા. ડૉ. મયુરી કે. દેસાઈએ સેવા આપી હતી. આ સ્પર્ધાના વિજેતાઓને કોલેજના ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. પી.પી. જરીવાલા તથા મહેમાનોના શુભહસ્તે ખૂબ જ આકર્ષક ટ્રોફી તથા સર્ટીફિકેટનું વિતરણ કરવામાં આવ્યું. પરિણામ : (૧) ઈન્ટર કોલેજ ટ્રેડિશ્નલ મહેંદી - પ્રથમ કુ. ભૂમિકા મહેતા (વાડીયા વિમેન્સ કોલેજ, સુરત), દ્વિતીય કુ. ભૂમિકા પટેલ (ઉધના સીટીઝન કોલેજ, સુરત), તૃતીય કુ. ઈશરત શેખ (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), આશ્વાસન કુ. શાહેદા પટેલ (વી. આર. ભકત કોલેજ, કામરેજ). (૨) ઈન્ટર કોલેજ અરેબીક મહેંદી - પ્રથમ કુ. ગુંજન મલાના (ઉધના સીટીઝન કોલેજ, સુરત), દ્વિતીય કુ. સીમા ચૌહાણ (શેઠ પી.ટી. મહિલા કોલેજ, સુરત), તૃતીય - કુ. સોની જહા શેખ (વી.ટી. ચેકસી લો કોલેજ, સુરત), આશ્વાસન કુ. નિહરીકા પટેલ (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત). (૩) ઈન્ટર કોલેજ જવેલરી મહેંદી - પ્રથમ કુ. પરીતા ધોળકીયા (આર.વી. પટેલ કોમર્સ કોલેજ, અમરોલી), દ્વિતીય કુ. કાજલ આહિર (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), તૃતીય કુ. મનિષા રાણા (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ), આશ્વાસન ઈનામ કુ. એકતા પટેલ (વાડીયા વિમેન્સ કોલેજ, સુરત). સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતના વિજેતાઓ - (૧) જવેલરી મહેંદી : પ્રથમ કુ. શિવાની પટેલ, દ્વિતીય કુ. કાજલ આહિર, તૃતીય કુ. ક્રિષ્ના સોલંકી. (૨) ટ્રેડીશનલ મહેંદી : પ્રથમ કુ. ઈશરત શેખ, દ્વિતીય કુ. અંકિતા ગરબાવાલા, કુ. પારુલ રાઠોડ, તૃતીય કુ. નયના વાણી, કુ. ફેની ઘીવાલા, આશ્વાસન ઈનામ કુ. ખુશ્બુ પટેલ. (૨) અરેબીક મહેંદી : પ્રથમ કુ. નિહારીકા પટેલ, દ્વિતીય કુ. હેતલ રાણા, તૃતીય કુ. શ્રધ્ધા પટેલ, આશ્વાસન ઈનામ - કુ. મેઘના લાઠીયા.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં સર્જનાત્મક ધારા અંતર્ગત બર્થ-ડે કાર્ડ મેકિંગ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે એલ.એમ.પી. પ્રાથમિક શાળાના ચિત્રકામ વિષયના શિક્ષક શ્રી કિરણભાઈએ તેમજ પ્રા. ડૉ. નમ્રતાબેને સેવા આપી હતી. આ સ્પર્ધામાં પ્રથમ-પટેલ સેફાલીબેન, દ્વિતીય-સોળિયા સરિતાબેન તથા તૃતિય-ગરાસિયા સોનબેન વિજેતા થયા હતાં. તેમજ મિસ્ત્રી બેલાબેન, પટેલ પ્રિયંકાબેન તેમજ ગડા હેમાલીબેન આશ્વાસન ઈનામના અધિકારી બન્યા હતા. સ્પર્ધાનું આયોજન અને સંચાલન પ્રાધ્યાપિકા ડૉ. ગાયત્રીબેને કર્યું હતું. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયક તાલીમાર્થીઓને અભિનંદન આપી જણાવ્યું હતું કે સહુએ આ સ્પર્ધામાં માત્ર શુભેચ્છાના કાર્ડ નથી બનાવ્યા પરંતુ તેમણે હૃદયપૂર્વકની શુભભાવનાઓને આ કાર્ડમાં શબ્દો અને ચિત્ર સ્વરૂપે સ્થિર કરી છે.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં કાવ્યપઠન અને પુસ્તક પરિચય સ્પર્ધા પ્રસંગે ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે આ સ્પર્ધાના સંદર્ભમાં તાલીમાર્થીઓને સંબોધન કર્યું હતું. કાવ્યપઠન સ્પર્ધામાં પ્રથમ બારોટ કિંજલ એન. અને પુસ્તક પરિચયમાં પ્રથમ પરમાર યજ્ઞેશ ડી. વિજેતા થયા હતા. જેમાં કાવ્યપઠન સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. વલ્લભભાઈ ઠંઠે અને પ્રા. ડૉ. દિનેશભાઈ વાઘે અને પુસ્તક પરિચય સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. પત્રલેખાબેન બારડે અને પ્રા. ધ્વનિબેન શુકલએ ભૂમિકા ભજવી હતી.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં ગૌરીવ્રત નિમિત્તે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ પૈકી કાર્ડ મેકીંગ સ્પર્ધામાં પ્રથમ નંબરે પટેલ રોશનીબેન, દ્વિતીય ક્રમે પારેખ ઉન્નતિબેન, તેમજ ત્રીજા ક્રમે રાણા દિપીકાબેન, સલાડ મેકીંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પ્રસાદ મમતાકુમારી, દ્વિતીય ક્રમે રિધ્ધિબેન, પારેખ ઉન્નતિબેન અતે તૃતીય ક્રમે બોન્ડે મોહિનીબેન શાંદલિયા અંજલીબેન, ફ્રુટ ડેકોરેશન સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ મોનિકાબેન, બીજા ક્રમે બિંદ સંજયકુમાર તેમજ તૃતીય ક્રમે સોલંકી જીતેન્દ્રકુમાર, મહેંદી સ્પર્ધા બહેનોમાં પ્રથમ ક્રમે પટેલ રિધ્ધિબેન, દ્વિતીય ક્રમે મન્સુરી નાઝમીબેન તેમજ ત્રીજા ક્રમે પટેલ ભાવનાબેન અને સોલંકી મનિષાબેન, ભાઈઓમાં પ્રથમ ક્રમે ચૌહાણ દિગ્વિજયસિંહ, વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં પ્રથમ નંબરે પટેલ ઉર્વશી, દ્વિતીય ક્રમે પટેલ નિકીતાબેન તેમજ તૃતીય ક્રમે પટેલ હીના રહયા હતા.

ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોમર્સ, બી.બી.એ. તેમજ બી.સી.એ. કોલેજ, સુરતમાં જ્ઞાનધારા સમિતિના ઉપક્રમે તા. ૨૬-૭-૧૩ તેમજ તા. ૨-૮-૧૩ના રોજ આંતર વર્ગ "નિબંધ લેખન સ્પર્ધા" તેમજ "મને ગમતું પુસ્તક સમીક્ષા સ્પર્ધા" યોજાઈ હતી. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે યાદવ બ્રીજેશ તેમજ દ્વિતીય ક્રમે યાદવ નિશા, જયારે મને ગમતું પુસ્તક સમીક્ષા સ્પર્ધામાં પ્રથમ ક્રમે શાહ આદિત્ય તેમજ દ્વિતીય ક્રમે જાલન સૌરભ આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ઈન્ચાર્જ આચાર્યશ્રી મેહુલભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ જ્ઞાનધારા સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિમોચન

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા. ૫-૭-૧૩ના રોજ આસિ. પ્રોફે. ડૉ. વિનયભાઈ પટેલ કૃત (૧) બી.એડ. અભ્યાસક્રમ સંદર્ભિત શૈક્ષણિક ટેકનોલોજી અને શાળા વ્યવસ્થાપન, (૨) સંસ્કૃત પધ્ધતિ અને વિષયવસ્તુ પુસ્તકનું વિમોચન પ્રા. ડૉ. મનસુખભાઈ પટેલના હસ્તે થયું. આ પ્રસંગે લેખકે પુસ્તકોના સંદર્ભમાં વિચારો પ્રસ્તુત કર્યા હતા. વધુમાં પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે લેખકને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## શિબિર

સમાજસેવા મહાવિદ્યાલય, વેડછીમાં બુનિયાદી શિક્ષણ રચનાત્મક સંઘ, બારડોલી તથા ગાંધી વિદ્યાપીઠ, વેડછીના સંયુકત ઉપક્રમે ઉત્તર બુનિયાદીઓનો અગિયારમો સંગીત શિબિર તા. ૧૩-૭- થી ૧૫-૭-૧૩ દરમ્યાના યોજાઈ ગયો. ઉદ્‌ઘાટન કાર્યક્રમ નિમિત્તે પ્રસ્તાવના અને આવકાર સ્વાગત બુનિયાદી શિક્ષણ રચનાત્મક સંઘના પ્રમુખશ્રી અરવિંદભાઈ દેસાઈએ કર્યું. શિબિર સંયોજકશ્રી ઉષાબેને પૂર્વભૂમિકા બાંધી હતી. મુખ્ય ઉદ્‌ઘાટકશ્રી નારાયણભાઈ દેસાઈએ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું. ગાંધી વિદ્યાપીઠના પ્રમુખશ્રી અમરસિંહભાઈ ચોધરી અને વેડછી પ્રદેશ સેવા સમિતિ વાલોડના પ્રમુખ તરલાબેન શાહે સંગતની ચર્ચા કરી હતી. શિબિર સંયોજક શ્રી ઉષાબેને અહેવાલ રજૂ કર્યો હતો. આ શિબિરમાં ૪૨ સંસ્થાઓના ૫૭૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. અને ચૂંટેલા ગીતોની પુસ્તિકા બનાવી ૩૦ ગીતો તજજ્ઞો દ્વારા શીખવ્યા. તજજ્ઞ તરીકે કરુણાબેન દેસાઈ, આશાબેન, નવીનભાઈ, દિપ્તીબેન, અર્જુનભાઈ, મનિષભાઈ, ઉષાબેન, સુરેશભાઈ, મોહનભાઈ વગેરેએ કાર્ય કર્યું હતું. આ પ્રસંગે શિબિરાર્થીઓએ પોતાના પ્રતિભાવ રજૂ કર્યા હતા. શિબિર સંચાલક અને સંસ્થાના મંત્રીશ્રી માધુભાઈએ સૌનો આભાર માન્યો હતો.

## વિદ્યાર્થી મંડળ

ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની રચના કરવા માટે એક સભા તા. ૨૮-૭-૧૩ના રોજ સવારે કોલેજમાં મળી હતી. શરૂઆતમાં ઈન્ચાર્જ આચાર્ય પ્રા. બંટી કે. શાહે આ મંડળની રચના માટેના હેતુઓ સમજાવ્યા હતા. પ્રા. દિવ્યેશ મહેતાએ હાથ ધરવાની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી. નિયામક ડૉ. દિલીપ સી. શાહે સૌને આવકારી આવતી સભામાં મંડળના બંધારણનો ખરડો રજૂ કરી સમિતિની રચના કરવા તથા વધુ સંખ્યામાં સભ્યો બને તે માટે હાજર રહેલ સૌને વિનંતી કરી હતી. આ માટે કોલેજની વેબસાઈટ તથા ઈ-મેઈલનો ઉપયોગ કરવા જણાવ્યું હતું. હાજર રહેલ સભ્યોએ પોતાના સુચને રજૂ કર્યા હતા. હાલમાં મંડળનું કાર્યાલય કોલેજમાં રહેશે.

## વ્યાખ્યાન

શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૧૦-૭-૧૩ના રોજ સંસ્થાના મેનેજીંગ ડાયરેકટર શ્રી મહેશભાઈ પટેલનું "શિક્ષણના પંચકર્મો" વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું

## પરિચય

શાહ એન.એચ. કોમર્સ કોલેજ., વલસાડની લાયબ્રેરી સમિતિના ઉપક્રમે "પુસ્તક પરિચય હારમાળા" અંતર્ગત તા. ૨૯-૬-૧૩ના રોજ શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજના ઉપાચાર્યશ્રી ડૉ. રશ્મિબેન દેસાઈએ ડૉ. ડી.વી. પારેખ કૃત પુસ્તક : "ડાયાબીટીશ છે ? ગભરાશો નહિ" ઉપર ડાયાબીટીશના લક્ષણો, કારણો અને તેને નિવારવા માટેના ઉપાયો પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન તથા વિવિધ સ્લાઈડના માધ્યમથી પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં પ્રશ્નોત્તરી પણ થઈ હતી. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે વકતાશ્રીનું પુસ્તક પુષ્પથી સ્વાગત કર્યું હતું અને પ્રા. કે.આર. ભાવસારે આભારવિધિ કરી હતી.

## સંમેલન

શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૬-૭-૧૩ના રોજ યોજાયેલ કવિ સંમેલનમાં કવિશ્રી કિરણભાઈ ચૌહાણ તેમજ જગદીશભાઈ સાધુ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં કાવ્યો, ગઝલો, હઝલો, હાઈકુ, તેમજ બોધ કાવ્યો રજૂ થયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. આદિલભાઈ પાનવાલાએ અને આભારવિધિ પ્રા. હિરેનભાઈ પટેલે કરી હતી.

## મુલાકાત



તા. ૨૩-૭-૧૩ના રોજ અલૂણા વ્રત નિમિત્તે ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતની વિદ્યાર્થિનીઓએ ડિરેકટર ડૉ. દિલીપ સી. શાહ, ઈન્ચાર્જ આચાર્ય પ્રા. બંટી કે. શાહ તેમજ પ્રા. પારૂલ આહુજાના માર્ગદર્શન અને સહકાર હેઠળ ઘોડ દોડ રોડ સ્થિત અંધજન શાળાની મુલાકાત લીધી હતી. તેમજ પ્રજ્ઞાચક્ષુ બાલિકાઓની કોમળ હથેળીમાં મહેંદી મુકી અંતરાત્માથી આનંદ અનુભવ્યે હતો.

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT


**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com